# બનાસકાંઠા જિલ્લામાં મગફળી કૌભાંડને લઈને રાજકારણ ગરમાયુ

## કોંગ્રેસના આક્ષેપો સામે ખેડૂત હિત રક્ષક સમિતિએ વિરોધ પ્રદર્શન યોજી પાઠવ્યું આવેદનપત્ર

પાલનપુર, તા. ૨૮

સરહદી બનાસકાંઠા જિલ્લામાં મગફળી કૌભાંડને લઈને રાજકારણ ગરમાયુ છે. કોંગ્રેસના આક્ષેપો સામે ભાજપે પણ ખેડૂત હિત રક્ષક સમિતિના નામે ધરણાં યોજી શક્તિ પ્રદર્શન કર્યું હતું.

બનાસકાંઠા જિલ્લામાં રૂ.૪૦૦કરોડનું મગફળી કૌભાંડ આચરાયું હોવાના આક્ષેપો કોંગ્રેસ કરી રહી છે. બનાસડેરી દ્વારા ખેડૂતોના નામે મગફળી ખરીદી કૌભાંડ આચરાયું હોવાની રાવ ઉઠી છે. ત્યારે કોંગ્રેસના આક્ષેપોને રદિયો આપતા ભાજપ દ્વારા ખેડૂત હિત રક્ષક સમિતિના નામે વિરોધ પ્રદર્શિત કરાયો હતો. ખેડૂતોના નામે યોજાયેલા વિરોધ પ્રદર્શનમા ભાજપી અગ્રણીઓ પણ મંચ પર જોવા મળ્યા હતા. જિલ્લામાં સ્થગિત મંડળીઓ દ્વારા પણ કરોડોની મગફળી ખરીદી કરાઈ હોવાના આક્ષેપો સામે ખેડૂત હિત રક્ષક સમિતિએ વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

બનાસકાંઠા જીલ્લાના રણની કાંધીએ આવેલા ભાભર-વાવપંથકમાં મગફળીનું વાવેતર થયુ જ ન હોવા છતાં સરકાર દ્વારા રૂપિયા ૪૦૦કરોડની મગફળીની ખરીદી કરી મોટુ કૌભાંડ આચરવામાં આવ્યું હોવાના કોંગ્રેસના આક્ષેપોને બનાસકાંઠા જીલ્લાની ખેડૂત હિત રક્ષક સમિતિ દ્વારા ફગાવી દેવાયા હતા. જ્યાં પાલનપુર ખાતે યોજાયેલી વિશાળ સભામાં ખેડૂત તેમજ ભાજપના અગ્રણીઓએ કોંગ્રેસના આક્ષેપો ખોટા હોઈ કોંગી અગ્રણીઓ ખેડૂતોની માફી માંગે તેવા નિવેદનો કરી વિશાળ રેલી સ્વરૂપે કલેકટર કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ.

બનાસકાંઠા જિલ્લાના વાવ, સૂઈગામ અને ભાભરપંથકમાં મગફળી કૌભાંડનો મુદ્દો કોંગ્રેસ દ્વારા ચર્ચાસ્પદ બનાવવામાં આવ્યો છે. બે દિવસ અગાઉ કોંગ્રેસ પ્રમુખ અમીત ચાવડા સહિત ધારાસભ્યોએ ભાભર ખાતે સભા યોજી આ મુદ્દે ધરણાં કર્યા હતા. જોકે, બીજી તરફ આ પંથકના ખેડૂતોએ આ બધુ જુઠ્ઠાણું હોવાનું જણાવી રહ્યા છે. અને કોંગ્રેસ સામે ખેડૂત હિત રક્ષક સમિતિની રચના કરવામાં આવી છે. જેમની પાલનપુરના સરકારી વસાહત સામે વિશાળ સભા યોજવામાં આવી હતી. જેમાં ખેડૂતો અને ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહી પોતાના પ્રવચનમાં કોંગ્રેસના મગફળી કૌભાંડના આક્ષેપો ખોટા હોવાનું જણાવી કોંગ્રેસના અગ્રણીઓ આ મુદ્દે ખેડૂતોની માફી માંગે તેમ જણાવ્યું હતુ. જે બાદ કોંગ્રેસ વિરોધી બેનરો અને સુત્રોચ્ચાર સાથે વિશાળ રેલી યોજવામાં આવી હતી. જે કલેકટર કચેરી પહોચી હતી. જ્યાં અગ્રણીઓએ નિવાસી કલેકટર એલી વી. બાભણીયાને આવેદનપત્ર આપ્યું હતુ. સભા તેમજ રેલીમાં જિલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ, બનાસડેરીના વાઈસ ચેરમેન અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ, અણદાભાઈ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કળિયુગના હાજરાહજૂર ભગવાન રામદેવજીના રણુજાના મહામેળામાં ભાવિકો ઉમટી રહયા છે. હાથમાં નવરંગી નેજા સાથે રણુજા જતા આ પદયાત્રીઓ પોસાલીયા ખાતે ગુજરાતી વિસામામાં વિશ્રામ સાથે સવારનો ચા-નાસ્તો કરી આગળ વધી રહ્યા છે. રણુજાને જોડતા બધા જ માર્ગો ઉપર આમ પદયાત્રીઓ જય બાબારીના જય ઘોષ સાથે માર્ગ કાપી રહ્યા છે.

# નજર ચૂકવી ૨૩ લાખની રકમ ભરેલા થેલાની ચીલઝડપ

મહેસાણા, તા. ૨૮

મહેસાણા શહેરના હાઈવે પર રાધનપુર સર્કલ નજીક ઉભેલી એક મારૂતીવાનમાંથી અજાણ્યા બાઈકસવાર શખ્સો નજર ચૂકવી રૂ. ૨૩ લાખની રકમ ભરેલા થેલાની ચીલઝડપ કરી રફુચક્કર થઈ ગયા હતા. આ અંગે બી ડીવીજન પોલીસે ગુનો દાખલ કરી પીઆઈ પરમારે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોમાંથી આ અંગે જાણવા મળેલી વિગત અનુસાર વિવિધ બેંકોના એટીએમમાં નાણાં ભરવાની કામગીરી કરતી સીએસએસ કંપનીના મેનેજર અજય પટેલ, સહકર્મી યોગેશ પટેલ અને નીરવ અરવિંદભાઈ ગજ્જર મંગળવારે બપોરે મહેસાણા શહેરના એટીએમમાં પૈસા ભરવા વાનમાં નીકળ્યા હતા. માર્ગમાં રાધનપુર સર્કલ નજીક યોગેશ પટેલને બાથરૂમ જવાનું થતાં ક્રિષ્ણા શોપીંગ સેન્ટર નજીક ગાડી થોભાવી હતી. તે વખતે ગાડી પાસે બે અજાણ્યા બાઈકસવાર આવ્યા હતા અને ચાલકને પૈસા પડી ગયા હોવાનું જણાવી તેની નજર ચુકવી ગાડીની સીટમાં પડેલ રૂ. ૨૩ લાખની રકમ ભરેલ થેલાની ચોરી કરી નાસી છૂટ્યા હતા. આ ઘટના અંગે મહેસાણા બી ડિવીઝન પોલીસમથકે નીરવ ગજ્જરે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે શહેરના નાકાબંધી કરી આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# મહેસાણામાં ૨૭૯૧ દિવ્યાંગોને કિટ : ૨.૨૦ કરોડની ૧૪ પ્રકારના ૪૨૭૪ સાધનો અપાયા

મહેસાણા, તા. ૨૮

મહેસાણા જિલ્લામાં પાલાવાસણા ડો.બી.આર આંબેડકર સ્ટેડીયમ ખાતે દિવ્યાંગજનો માટે નિશુલ્ક સાધન સહાય વિતરણ કાર્યક્રમ સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી ભારત સરકાર થાવરચંદ ગેહલોતના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.





મહેસાણા જિલ્લામાં મે માસમાં વિવિધ તાલુકા સ્તરે મહેસાણા સંસદીય વિસ્તારમાં એસેસમેન્ટ કેમ્પનું આયોજન સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું.જે અંતર્ગત જિલ્લામાં દિવ્યાંગજનોને ૮૧૪ ટ્રાઈસિકલ,૨૯૨ વ્હીલચેર,૬૩૨ ઘોડી,૧૯ બ્રેઈલ કીટ,૧૨૪ સ્માર્ટ ફોન, ૫૬૦ એમ.એસ.આઈ.ડી.કીટ,૧ બ્રેઈલ સ્લેટ, ૨૦૯ ઘરડાં માટેની ઘોડી, ૪૨૫ હીયરીંગ એઈડ, ૫૫૩ સ્માર્ટ કેન, ૨૬૪ કેલીપર્સ તથા પ્રોસ્થેસીસી, ૨૩ સી.પી.ચેર, ૩૫ બ્રેઈલ કેન, ૨૪ રોલેટર, ૨૦૧ ડેજી પ્લેયર અને ૧૮ કોલરોની કીટ મળી ૨૭૯૧ દિવ્યાંગોને રૂ. ૨.૨૦ કરોડની ૧૪ પ્રકારની અલગ અલગ વસ્તુઓ મળી કુલ ૪૨૭૨ સાધન સહાય કેન્દ્રીયમંત્રી થાવરચંદ ગેહલોત અને ઉપસ્થિત મહાનુંભાવોના હસ્તે દિવ્યાંગજનોને આપવામાં આવી હતી.

સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી થાવરચંદ ગેહલોતે જણાવ્યું હતું કે દેશના પ્રધાનમંત્રીએ ભારત સરકારને જીવંત બનાવી દેશના વિકાસની ગતિ આગળ વધારી છે. દિવ્યાંગોની જવાબદારી માત્ર જે તે પરિવારની જ નથી, સમગ્ર સમાજની છે, દેશનું દાયિત્વછે. દિવ્યાંગોને સન્માન-પ્રતિષ્ઠા આપવામાં આવી રહી. સરકારના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગે ૬ ગીનીઝ બુક ઓફ રેકોર્ડ કર્યા છે જેમાંથી પાંચ ગુજરાતમાં કર્યા છે. સાતમો રેકોર્ડ ઉજ્જૈનમાં ૧૦૪ દિવ્યાંગજનોના લગ્ન કરાવી આપેલ છે. દિવ્યાંગજનોને કન્યાદાનમાં રૂ. ૭ લાખની નાણાંકીય સહાય અપાઈ છે.

દિવ્યાંગજનો માટે એડિપ યોજના હેઠળ રૂ.૧૦,૦૦૦ સુધીના સાધન સહાય અથવા કુત્રિમ અંગ દર ત્રણ વર્ષે આપવામાં આવે છે.૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને વર્ષમાં એક વાર આપવામાં આવે છે. ભારતીય કુત્રિમ અંગ નિર્માણ નિગમ ભારત સરકારનું એક મણીરત્ન છે.એલિમ્કોની સ્થાપના ૧૯૭૨માં થયેલ છે અને ૧૯૭૬માં કુત્રિમ ઘટકોનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું હતું.



ફીજીકલી હેન્ડીકેપ વેલ્ફર મંડળ અરવલ્લી શાખા દ્વારા અરવલ્લી જીલ્લા તેમજ સાબરકાંઠા જીલ્લાના કુલ ૪૦૦ દિવ્યાંગજનો શ્રાવણમાસ દરમિયાન જલારામ મંદિર વડાગામ ખાતે ચિંતન શિબિર યોજાઇ. માજી ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, પ્રમુખ વિનોદભાઈચૌધરી, સમાજ સુરક્ષા અધિકારી પંડયા, સર્વ શિક્ષા અભિયાન જિલ્લા આઈ.ઈ.ડી. કોડીનેટર અમિત કવિ તથા મંડળના હોદેદારો તથા ભિલોડા તાલુકાના દિવ્યાંગ સેવા સંસ્થા કમિટી સભ્ય દેવાંગ ચૌધરી, સર્વ દિવ્યાંગજનોની હાજરીમાં દિવ્યાંગ બાળકોના શિક્ષણ, શાળા પ્રવેશ તેમજ પુખ્ત વયના દિવ્યાંગજનો માટે સરકારી સહાય સરળતાથી ઉપલબ્ધ થાય ઉપરાંત દિવ્યાંગજનોની રોજગારીની ઊજળી તકો દિવ્યાંગો સુધી સરળતાથી મળી રહે તે અંગે ચર્ચા કરવામાં આવી. ખાસ કરીને દેવાંગ ચૌધરી તથા અમિત કવિ દ્વારા સંસ્થાના પ્રમુખ આયોજક વિનોદભાઈ પટેલ દિવ્યાંગજનોની કરેલી કામગીરી અંગે તેમને ફુલહાર તથા શાલથી સન્માનિત કર્યા.

# અરવલ્લી જિલ્લાના પશુ ચિકિત્સકોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

## ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલી પશુચિકિત્સા અધિકારી (વર્ગ-૨) કુલ જગ્યા ઘટાડાતા યથાવત રાખવાની માંગ કરી

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જીલ્લામાં પશુ ચિકિત્સકનો અભ્યાસ કરનાર પશુ તબીબો મોટી સંખ્યામાં ખાનગી અને ડેરી સંસ્થાઓમાં તબીબ તરીકે સેવા આપી રહ્યા છે. ગુજરાત જાહેર બહાર પાડવામાં આવેલી પશુચિકિત્સા અધિકારી (વર્ગ-૨) કુલ જગ્યા-૨૮૦ યથાવત રાખવાની માંગ કરી હતી.

છેલ્લા દસ વર્ષથી વધુના સમયથી રાજ્યમાં પશુ ચિકિત્સક



સેવા આયોગ દ્વારા તા.૨૨-૫-૨૦૧૮ના રોજ પશુ ચિકિત્સક (વર્ગ-૨)ની ૨૮૦ જગ્યાઓ જાહેર કર્યા બાદ ત્યારબાદ સુધારેલ કાર્યક્રમ ૨૭-૭-૨૦૧૮ ૨૮૦ જગ્યાઓ માટેની જાહેરાત બાદ અગમ્ય કારણોસર ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સ્વાતંત્ર દિવસના રોજ ફક્ત ૪૦ પશુકચિકિત્સક ની જાહેરાત બહાર પડી આવેદનપત્ર મંગાવવામાં આવતા જીલ્લામાં પશુ ચિકિત્સકની લાયકાત ધરાવતા તબીબોમાં નિરાશા સાંપડી હતી. જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા (વર્ગ-૨)ની ભરતી કરવામાં આવી નથી. હાલમાં રાજ્ય સરકાર દ્વારા જાહેર આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલી પશુ ચિકિત્સક (વર્ગ-૨)ની ૨૮૦ જાહેરાત બહાર પાડવામાં આવ્યા બાદ અગમ્ય કારણોસર કાપ મૂકી ૪૦ પશુ ચિકિત્સક માટે જાહેરાત બહાર પાડી આવેદનપત્ર મંગાવવામાં આવતા પશુ ચિકિત્સકનો અભ્યાસ કરનાર પશુ તબીબોમાં ભારે નિરાશા વ્યાપી હતી અને જાહેર આયોગ સેવા દ્વારા બહાર પડાયેલ ૨૮૦ પશુ ચિકિત્સકની ભરતી યથાવત રાખવાની માંગ સાથે જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી તેમની માંગણીને રાજ્ય સરકાર સુધી પહોંચાડવા અને યોગ્ય ન્યાય અપાવવા માંગ કરી હતી. પશુ ચિકિત્સકનો જણાવ્યા અનુસાર ડૉ. સ્વામિનાથનના અધ્યક્ષસ્થાને રચાયેલ કમિશનના ધોરણો મુજબ તથા ભારત સરકાર, પશુપાલન વિભાગ, ડેરી અને મત્સોદ્યોગ દ્વારા બનાવવામાં આવેલ વેટેનરી અભ્યાસ માટે નિષ્ણાત કમિટી દ્વારા સૂચવવામાં આવેલ ૫ હજાર પશુએ ૧ દવાખાનું હોવું જોઈએ તેની સામે ગુજરાત રાજ્યના પશુ પાલન વિભાગ દ્વારા જાણવા મળ્યા મુજબ દર ૨૭ હજાર પશુઓએ એક દવાખાનું હોવાથી ગુજરાત રાજ્ય પશુપાલકો માટે ચિંતિત હોવાના દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. રાજ્યના વિકાસનો ચિતાર પણ મળી રહે છે તેવું ભારપૂર્વક જણાવ્યું હતું.

કૃષિપ્રધાન રાજ્ય હોવાથી મોટી સંખ્યામાં લોકો પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલા છે હાલ રાજ્યમાં ૪૩ ટકા જેટલા પશુ ચિકિત્સકોનો અભાવ હોવાથી પશુ પાલકોએ ન છૂટકે ખાનગી પશુ ચિકિત્સકની મોંઘીદાટ સારવાર બીમાર પશુઓને આપવા મજબુર બનવું પડે છે. બીજીબાજુ રાજ્ય સરકાર પશુ ચિકિત્સકોની પૂરતા પ્રમાણમાં ભરતી કરતી ન હોવાથી પશુપાલકોમાં ભારે રોષ ફેલાયો છે.

# પાલનપુર ગઠામણ દરવાજાના પેટ્રોલ પંપ પર ગ્રાહકોનો હોબાળો

પાલનપુર, તા. ૨૮

પાલનપુર શહેરના ગઠામણ દરવાજા ખાતે આવેલા પેટ્રોલ પંપ પર ઓછું પેટ્રોલ આપતા હોબાળો થયો હતો. જેને પગલે લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા. અને લોકોએ પણ આ પેટ્રોલ પંપમાં ઓછું પેટ્રોલ અપાતું હોવાના આક્ષેપો કર્યા હતા. દરમિયાન, પોલીસને જાણ કરતા પોલીસે આવી મામલો થાળે પાડ્યો હતો.

પાલનપુરના ગઠામણ દરવાજા જોશી હોસ્પિટલ સામે આવેલા પેટ્રોલ પંપ પર લોકોએ હોબાળો મચાવ્યો હતો. ચિરાગ માળી નામનો ગ્રાહક ગઠામણ દરવાજા પેટ્રોલ પંપ પર પેટ્રોલ ભરાવવા ગયો હતો. જોકે પેટ્રોલ ભરાવ્યા બાદ ગ્રાહકને શક જતાં તેને પેટ્રોલ ચેક કરાવ્યું હતું. અને તેમાંથી ઓછું પેટ્રોલ નીકળતાં હોબાળો મચાવ્યો હતો. ગ્રાહકના હોબાળાને પગલે લોકોના ટોળે ટોળા એકઠા થઈ ગયા હતા. ત્યારે પેટ્રોલ પંપના માલિકે દહેશતને પગલે પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. અને પોલીસે મામલો આવીને થાળે પાડ્યો હતો. ત્યારે આ છેતરાયેલા ગ્રાહકે પુરવઠા અધિકારીને પણ જાણ કરી હતી અને સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

## પાલનપુર પૂર્વ પોલીસ મથક અન્યત્ર ખસેડવા રજૂઆત

પાલનપુરશહેરની મધ્યમાં કાર્યરત પોલીસ મથકને શહેરના કમાલપુરા વિસ્તારમાં ખસેડવામાં આવ્યું છે. જે પુનઃ શહેરની મધ્યમાં લાવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. દરમિયાન બનાસકાંઠા વિશ્વ હિંદુ પરિષદ દ્વારા ગુરૂવારે આ પોલીસ મથક ખસેડવા માટે જીલ્લા પોલીસવડાને રજૂઆત કરવામાં આવી હતી. જેમાં ગુરુનાનક ચોકમાં તાલુકા પંચાયતના ખાલી પડેલા અવાવરૂ કવાર્ટસ, અમીરરોડ નજીક જિલ્લા પંચાયતના કવાર્ટસ, ચમનબાગની ખુલ્લી જગ્યાએ પોલીસ મથક ખસેડવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

## પાલનપુરમાં ગાયનો યુવક પર હુમલો

સરહદી બનાસકાંઠા જિલ્લા મુખ્યાલય પાલનપુરમાં રખડતા ઢોરની સમસ્યા કેટલી હદે વકરી છે તેની પ્રતીતિ કરાવતી એક ઘટના સામે આવી છે. જેમાં એક યુવક ઉપર ગાયએ કરેલા હીચકારા હૂમલાનો વિડિઓ વાયરલ થયો છે. જોકે, ઘટનાસ્થળે દોડી આવેલા લોકોએ યુવકને ગાયની ચુંગાલમાંથી મુક્ત કરાવ્યો હતો. પાલનપુરના ઢૂંઢીયાવાડી વિસ્તારમાં દેવ ચેમ્બર્સ પાછળ અજીબોગરીબ ઘટના ઘટી હતી. જેમાં કચરો વીણી રહેલો યુવક ગાયના હુમલાનો ભોગ બન્યો હતો. જોકે, ગાયની ઝપટે ચડેલા યુવકને આસપાસના રહીશોએ મહામુસીબતે ગાયની ચુંગાલમાંથી છોડાવ્યો હતો. ગાયની ચુંગાલમાંથી મુક્ત થયેલ યુવક જીવ બચાવીને ભાગ્યો હોવાનો વિડિઓ વાયરલ થયો છે. જોકે, પાલનપુરમાં રખડતાં પશુઓથી શહેરીજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ત્યારે નગરપાલિકા તંત્ર રખડતાં ઢોરોના માલિકો સામે પગલાં ભરવામાં ઉણું ઉતર્યુ છે.

## દત્તક લીધા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

(મહેસુલ)ને દહેગામ તાલુકાના મોનીટરીંગની વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે.

અત્યાર સુધીમાં ૨૨ હજાર જેટલી એપ ડાઉનલોડ થઈ ગઈ હોવાનું જાણવા મળેલ છે. આ એપ ડાઉનલોડ કરાવવાની સાથે લોકો તેમના અભિપ્રાય પણ લખે તે માટે પણ આગ્રહ કરવામાં આવી રહ્યો છે. અગાઉ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આ અંગે પંચાયતના વિવિધ શાખાના અધિકારીઓની બેઠકમાં પણ આ મુદ્દે વિગતવાર ચર્ચાને અંતે વ્યુહરચના તૈયાર કરી હતી જે ઉલ્લેખનીય છે.

## તોતિંગ વધારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આયોજનને અનુલક્ષી સરકાર દ્વારા ગરબા મેદાનની જગ્યા ભાડે આપવા માટે પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે. આ વર્ષે પણ આગામી મહીનામાં જગ્યા ભાડા પેટે ફાળવવા માટે તજવિધ હાથ ધરાશે.આગામી મહીનામાં ગરબા મહોત્સવની જગ્યા માટે એક થી વધુ અરજી આવી હોય તેવા કીસ્સામાં ડ્રોની પ્રક્રીયા હાથ ધરાશે. જો કે માર્ગ મકાન વિભાગ દ્વારા જારી કરાયેલા નવા પરિપત્ર મુજબ ગરબા મેદાનના ભાડાના દરમાં ફેરફાર કરાયો છે.જેમાં હવે ગરબા મેદાન માટે ૫૦૦ ચો મી થી વધુ જગ્યા હોય તો પ્રતિદિન રૂ ૫૫૦૦ અથવા પ્રતિદિન પ્રતિ ચો મી રૂ ૨ લેખે મુજબ બન્નેમાંથી જે વધુ હોય તે આયોજકોએ ચુકવવાનુ રહેશે. જયારે શહેરમાં મુખ્યત્વે ત્રણ મેદાના માટે આવતી અરજીઓને ધ્યાને લઈ આગામી દિવસોમાં ગરબા મહોત્સવના આયોજકોએ અરજી કરવાની રહેશે. આ ઉપરાંત આગામી મહીનામાં ગરબા મહોત્સવને અનુલક્ષીને એક થી વધુ અરજી આવી હોય તેવા કીસ્સામાં ડ્રો ની પ્રક્રીયા પણ હાથ ધરાશે.

# ચરસ હેરાફેરીના કેસમાં બે દોષિતોને પંદર વર્ષની જેલ

અમદાવાદ,તા.૨૮

શહેરના અસલાલી વિસ્તારમાંથી ૨૦૧૧ના વર્ષમાં ૧૧૦ કિલો ચરસના જથ્થા સાથે પકડાવાના ચકચારભર્યા કેસમાં અત્રેની સ્પેશ્યલ કોર્ટે બે કાશ્મીરી આરોપીઓને પંદર વર્ષની સખત કેદની સજા ફટકારી હતી, જયારે અન્ય એક આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા હુકમ કર્યો હતો. સ્પેશ્યલ કોર્ટે આરોપી મહમંદ અને ઈશ્તીયાકને પંદર વર્ષની સજાની સાથે સાથે દોઢ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. આ અંગેની વિગત એવી છે કે, નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરોના અધિકારીઓ દ્વારા વર્ષ ૨૦૧૧ના અમદાવાદના અસલાલી વિસ્તારમાંથી શાહપુરના જુનેદ શેખ, કાશ્મીરના પુંચ જિલ્લાના મહોમંદ કુરેશી અને ઈશ્તીયાક અઝીઝને ૧૧૦ કિલો ચરસ સાથે પકડી પાડયા હતા. આ ત્રણેય આરોપીઓ સામે એનસીબીના અધિકારીઓએ એનડીપીએસ એકટની કલમો હેઠળ જરૂરી ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી. જેમાં આરોપીઓ વિરૂધ્ધ સ્પેશ્યલ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવા સાથે ટ્રાયલ ચાલી ગયો હતો. જેની સુનાવણીના અંતે, સ્પેશ્યલ જજ પી. એસ. રાઘવે આરોપી જુનેદ શેખને શંકાનો લાભ આપી છોડી મૂકવા હુકમ કર્યો હતો. જયારે કાશ્મીરના મહોમંદ કુરેશી અને ઈશ્તીયાકને પંદર વર્ષની સજા અને દોઢ લાખ રૂપિયા દંડ ફટકાર્યો હતો. જો દંડ ના ભરે તો વધુ છ મહિનાની સજા ભોગવવાનો પણ કોર્ટે હુકમ કર્યો હતો. આરોપીઓ ૨૦૧૧થી જેલમાં હોઈ તેમણે જેટલો સમય જેલમાં પસાર કર્યો છે અને જેલવાસ ભોગવ્યો છે તે સજામાં તેમને મજરે મળશે એટલે કે, પંદર વર્ષની સજામાંથી જેલવાસ ભોગવેલા વર્ષો બાદ ગણવામાં આવશે તેવી પણ કોર્ટે સ્પષ્ટતા કરી હતી. ગુજરાતમાં ચરસના જથ્થા જપ્ત કરવાના બનાવ હાલના દિવસોમાં વધી રહ્યા છે.

## જૂનાગઢમાં સપ્ટેમ્બરથી એડવેન્ચર કોર્સ શરૂ થશે

અમદાવાદ,તા.૨૮

રાજય સરકારના રમત,ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર હેઠળની પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, જૂનાગઢ ખાતે ગુજરાતના બાળકો, યુવક-યુવતીઓ માટે સાહસિક, આત્મવિશ્વાસના ગુણ ખીલે, શારીરિક-માનસિક રીતે સ્વસ્થ બને, પર્વતોથી પ્રત્યેક રીતે માહિતગાર થાય, પ્રકૃત્તિ શિક્ષણ મળી રહે તેવા ઉમદા હેતુથી માહે સપ્ટેમ્બર-૨૦૧૮ થી જાન્યુઆરી ૨૦૧૯ સુધી એડવેન્ચર કોર્સ (૮ થી ૧૩ વર્ષના બાળકો માટે ૭ દિવસ) તથા બેઝિક કોર્સ (૧૪ થી ૪૫ વર્ષના યુવક-યુવતીઓ માટે ૧૦ દિવસ) નું આયોજન કરાશે એમ પંડિત દીનદયાલ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર-જૂનાગઢની યાદીમાં જણાવાયુ છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર આ કોર્ષનો સમયગાળો તથા ફોર્મ વેબસાઈટ પરથી મેળવી શકાશે. આ બંને શિબિરના ફોર્મ ઓનલાઈન ડાઉનલોડ કરી કોર્સના એક મહિના અગાઉ પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, રાધાનગર સોસાયટી, ગિરનાર દરવાજા, જૂનાગઢ ખાતે ૦૨૮૫-૨૬૨૭૨૨૮ રૂબરૂ અથવા પોસ્ટથી મોકલી આપવાના રહેશે, તેમ વધુમાં જણાવાયુ છે.

# અમદાવાદના નાગરવેલ હનુમાન મંદિરે રામકથા આયોજન કરાયું

અમદાવાદ, તા.૨૮

અમદાવાદના રખિયાલ-અમરાઈવાડી રોડ ખાતે આવેલ સુપ્રસિધ્ધ શ્રી નાગરવેલ હનુમાનજી મંદિરના પટાંગણમાં આગામી દિવસોમાં ભવ્ય શ્રી રામકથા જ્ઞાનયજ્ઞ-પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી નાગરવેલ હનુમાન ટ્રસ્ટી મંડળ અને સમસ્ત ભક્તગણ મંડળ દ્વારા મંદિરના મહંત સ્વામીશ્રી રંગનાથાચાર્યજી મહારાજના સાનિધ્યમાં શ્રી જગદીશભાઈ નંદરામ લોધા સમસ્ત પરિવારના યજમાનપદે તા. ૩૧-૦૮-૨૦૧૮થી તા. ૮-૯-૨૦૧૮ દરમ્યાન બપોરે ૩-૦૦થી સાંજે ૭-૦૦ વાગ્યા સુધી શ્રી રામકથા જ્ઞાનયજ્ઞ પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી રામકથાના મુખ્ય કથાકાર માનસ રાજહંસ આચાર્ય સ્વામી તુલસી કિંકરજી મહારાજ કથા મહાત્મ્ય, શિવ વિવાહ, રામ પ્રાગટ્ય, રામ વનવાસ, સુંદરકાંડ કથા, રામેશ્વર સ્થાપના, રામરાજ્ય જેવા વિવિધ પ્રસંગો અનુરૂપ જુદા જુદા દિવસોએ ભક્તજનોને રસપાન કરાવશે. શ્રી રામકથાની પોથીયાત્રા તા. ૩૧-૦૮-૨૦૧૮ સવારે ૧૦-૦૦ કલાકે અને ભંડારો તા. ૯-૯-૨૦૧૮ના રોજ ૧૧-૦૦ વાગે રાખવામાં આવ્યા છે. શ્રી રામકથા જ્ઞાનયજ્ઞ પારાયણને લઈ ભકતજનો અને સ્થાનિક નાગરિકોમાં ભારે ઉત્સાહ અને ભકિતનો માહોલ જોવા મળી રહ્યો છે. નવ દિવસની કથા-પારાયણ દરમ્યાન વિવિધ ધાર્મિક અને ભકિતસભર કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. શ્રી નાગરવેલ હનુમાન ટ્રસ્ટી મંડળ અને સમસ્ત ભક્તગણ મંડળ દ્વારા આ શ્રી રામકથા અને જ્ઞાનયજ્ઞ પારાયણને લઈ ભારે જહેમત ઉઠાવી છે અને સુંદર વ્યવસ્થા કરી છે કે, જેથી શ્રધ્ધાળુ શ્રોતાજનો અને કથારસિકોને કોઈપણ જાતની અગવડ કે તકલીફ ના પડે. નવ દિવસ સુધી શ્રી નાગરવેલ હનુમાનજી મંદિર ખાતે ભકિતનો માહોલ છવાશે.

## પ્રમુખપદે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ફટાકડા ફોડીને આની ઉજવણી કરી હતી. હકાલપટ્ટી કરવામાં આવેલા નેતા અને તેમના મોટા ભાઈ એમકે અલાગીરી દ્વારા કોઇ બળવો કરવામાં આવ્યો ન હતો. હાલમાં જ અલાગીરીએ દાવો કર્યો હતો કે, કરૂણાનિધિના ઘણા વફાદારો તેમની સાથે છે. સ્ટાલિન હવે રાજ્યના સૌથી પહેલા બે પેટાચૂંટણીમાં મેદાનમાં ઉતરનાર છે જેમાં તેમની કસોટી થશે. જો મદ્રાસ હાઈકોર્ટ દ્વારા અન્નાદ્રમુકના ૧૮ બળવાખોર ધારાસભ્યોને ડિસ્મિસ ઠેરવવાના આદેશને અકબંધ રાખશે તો પેટા ચૂંટણી આવી પડશે. પેટાચૂંટણી સ્ટાલિનની પ્રતિષ્ઠાની પણ ચકાસણી થશે. તમિળનાડુના પાંચ વખતના મુખ્યમંત્રી રહેલા અને કલાઈનારના નામથી લોકપ્રિય ડીએમકેના પ્રમુખ મુથ્થુવેલ કરૂણાનિધિનું સાતમી ઓગષ્ટના દિવસે સાંજે ચેન્નાઈની કાવેરી હોસ્પિટલમાં ૯૪ વર્ષની વયે અવસાન થતાં તેમના લાખો સમર્થકોમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. કરૂણાનિધી આશરે છ દશક સુધી રાજકીય કેરિયરમાં મોટાભાગે તેઓ તમિળનાડુના રાજનીતિમાં મુખ્ય ધ્રુવ તરીકે રહ્યા હતા. ૫૦ વર્ષ સુધી પોતાની પાર્ટીના પ્રમુખ તરીકે રહ્યા હતા. કરૂણાનિધિ પાંચ વખત તમિળનાડુના મુખ્યમંત્રી તરીકે રહ્યા હતા. અગાઉ તમિળનાડુના પૂર્વ મુખ્યમંત્રીની તબિયત ખરાબ થતાંની સાથે જ તેમના સમર્થકો ઉમટી પડ્યા હતા. કરૂણાનિધી છ દશક સુધી રાજનીતિમાં જોરદારરીતે સક્રિય રહ્યા હતા. બહુમુખી પ્રતિભા હોવાના કારણે તેઓ કલાઈનાર તરીકે લોકપ્રિય થયા હતા. દ્રવિડ આંદોલનથી તેઓ રાજકીયરીતે મજબૂત બન્યા હતા. કરૂણાનિધિ તમિળ ભાષા ઉપર ખુબ સારી પકડ ધરાવતા હતા. અનેક પુસ્તકો, ઉપન્યાસો, નાટકો, તમિળ ફિલ્મો માટે સંવાદ લખ્યા હતા. તમિળ સિનેમાથી રાજનીતિમાં એન્ટ્રી કરનાર કરૂણાનિધિ છ દશક સુધી રાજકીય જીવનમાં એક પણ ચૂંટણી હાર્યા ન હતા. કરૂણાનિધીના અવસાન બાદ પાર્ટી પ્રમુખના નામ પર ચર્ચા હતી.